# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

**No. : ACPC/ADM-17/** **Dt. : 08-08-2017**

પ્રતિ,
**આચાર્યશ્રી/મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,**
સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરીની તમામ સ્વનિર્ભર સંસ્થાઓ.

**વિષય : સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરીની સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GS/SH/11/2013/PVS/102012/142/S તા. ૩૦-૦૪-૨૦૧૩ અને તેના વખતો વખતના સુધારા.**

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં સંદર્ભિત જાહેરનામા અન્વયે રાજ્યમાં આવેલી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી તમામ સંસ્થાઓમાં મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પ્રવેશ ફાળવ્યા બાદ ખાલી રહેલી જગ્યાઓ સંદર્ભિત જાહેરનામાનાં નિયમ-૧૯ 'ખાલી બેઠકો' મુજબ ભરવાની થાય છે.

પ્રવેશ વર્ષ-૨૦૧૭ નાં ઓનલાઈન એડમિશનની પ્રક્રિયા **તા. ૦૨-૦૮-૨૦૧૭** નાં રોજ અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે. પ્રવેશ સમિતિ ખાતે ઓફલાઈન રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ બાદ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' ની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર તા. ૨૪-૦૮-૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે. આવી બેઠકો માટે સ્વનિર્ભર સંસ્થાઓએ સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે. ખાલી રહેલી બેઠકો માટે જે ઉમેદવારોએ પ્રવેશ વર્ષ-૨૦૧૭ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત અગાઉ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ લેવાની રહેશે. જે ઉમેદવારોએ નીચે બતાવેલ પસંદગી યાદી (૨) થી (૫) માં આવતા હોય અને અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવા ઉમેદવારોએ નીચે દર્શાવેલ કોટક મહિન્દ્રા બેંકની બ્રાંચમાંથી રોકડેથી રૂા. ૩૫૦/- (નોન રીફન્ડેબલ) આપી પીન મેળવી હેલ્પ સેન્ટર ખાતે વેબસાઈટ : www.gujacpc.nic.in ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રો જોડી જે તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ મેળવવો હોય તે સંસ્થા ખાતે નિયત સમય મર્યાદામાં જમાં કરાવવાનું રહેશે. **ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :**

(૧) પ્રવેશ વર્ષ-૨૦૧૭ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય
(૨) ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ હોય અને GUJCET-2017 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય તેમજ નીચે દર્શાવેલ સમયમર્યાદામાં નવુ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારો.
(૩) અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા GUJCET-2017 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય
(૪) AICTE, New Delhi ની ગાઈડ લાઈન પ્રમાણે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરી / ડિગ્રી સાયન્સની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો.
(૫) બોર્ડ માંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ પરંતુ GUJCET-2017 પ્રાવેશીક પરીક્ષા ન આપેલ હોય તેવા ઉમેદવારો.

ખાલી રહેલી બેઠકો ઉપર જે વિદ્યાર્થી નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન કરેલ હશે નહી તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહી. ખાલી રહેલ બેઠકો માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને સંસ્થા દ્વારા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ સ્વિકાર્યાની રીસીપ્ટ આપવાની રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાસ્તરે નીચે મુજબનાં સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે. સંસ્થા સ્તરેથી જે તે વિદ્યાર્થીને પ્રવેશ કાર્યવાહીનો કાર્યક્રમ અગાઉથી જાણ કરવાનો રહેશે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦-૦૮-૨૦૧૭થી ૨૧-૦૮-૨૦૧૭ | પીન વિતરણ - ખાલી રહેલ બેઠકોના રજીસ્ટ્રેશન માટે |
| ૨. | ૧૦-૦૮-૨૦૧૭ થી ૨૨-૦૮-૨૦૧૭ | ખાલી રહેલ બેઠકો માટે રજીસ્ટ્રેશન કરી રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જે તે સંસ્થા ખાતે જમાં કરવાની કાર્યવાહી (વેબસાઈટ : www.gujacpc.nic.in) |
| ૩. | ૨૩-૦૮-૨૦૧૭ | ખાલી રહેલ બેઠકો માટે રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જમાં કરાવેલ ઉમેદવારનું જે તે સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિધ્ધ કરવું. |
| ૪. | ૨૪-૦૮-૨૦૧૭ | ખાલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિ તથા જે તે સ્વનિર્ભર સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૫. | ૩૧-૦૮-૨૦૧૭ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ તથા રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જમાં કરાવેલ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયાની અંતિમ તારીખ. |
| ૬. | ૦૫-૦૯-૨૦૧૭ | અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ માટે મોકલવાની રહેશે. |

**S/d**
**મેમ્બર સેક્રેટરી**